**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨/૭/૨૦૧૫ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૩૩૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૮૧ લીટર દેશી દારૂ, ૫૭ બોટલ ઇગ્લીશ દારૂ, ૩૪ ઈંગ્લીશ ક્વાર્ટર દારૂ, ૨૪ બિયરટીન, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૩૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૨૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૩૩૮/૧૫**

**શાહપુર :** રેયાનાબાનુ ઇરફાનખાન પઠાણ (રહે.શાહપુર મીલ કંમ્પાઉન્ડ, કે.જી.પાર્લર ઉપર, શાહપુર) એ તા.૧/૭/૧૫ નારોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૬/૧૫ બપોરનાં ૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી જેબા (ઉ.વ.૧૯) ને આરોપી મોહમદજુનેદ મોહમદરફીક શેખ (ઉ.વ.૨૩)(રહે.શાહપુર મીલ કંમ્પાઉન્ડ, અલહર ફ્લેટ શાહપુર) લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એચ.સવસેટા ચલાવે છે.

**દુષ્પ્રેરણની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૩૩૯/૧૫**

**શહેરકોટડા :** દેવજીભાઇ બેચરભાઇ સોલંકી (રહે.આંબેડકર કોલોની, આંબાવાડી, એલીસબ્રીજ) એ તા.૧/૭/૧૫ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે લગ્નનાં એકાદ વર્ષથી તા.૩૦/૬/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) વિરેન્દ્રભાઇ ધનજીભાઇ મકવાણા (૨)ધનજીભાઇ છનાભાઇ મકવાણા (૩) લીલાબહેન ધનજીભાઇ મકવાણા (૪) સવિતાબહેન સંજયભાઇ મકવાણા (૫) પિનલબહેન કમલેશભાઇ મકવાણા નાઓએ ભેગામળી દેવજીભાઇની પુત્રી જ્યોતીબહેન (ઉ.વ.૨૪) નાઓને શારીરીક અને માનશીક ત્રાસ આપતાં, કંટાળી જઇ જ્યોતીબહેને તા.૩૦/૬/૧૫ રાતનાં ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાની સાસરીનાં ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.ડી.પરમાર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૧૩૪૦/૧૫**

**મેઘાણીનગર :** સંદિપ રામચંદ્ર ઠાકોર (ઉ.વ.૧૯)(રહે.અમરાજીનગર ગલી નં.૧, ભાર્ગવ રોડ, કુબેરનગર) એ કોઈ કારણસર તા.૧/૭/૧૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સાગરભાઇ હરીભાઇ ચલાવે છે.

**રીવરફ્રન્ટ (ઇસ્ટ) : (૧)** હેતલબહેન નિખીલકુમાર બારોટ (ઉ.વ.૨૭)(રહે.આશાપુરા સોસાયટી, ગીતાંજલી ફ્લેટની સામે, ડી કેબીન સાબરમતી) એ કોઇ કારણસર તા.૩૦/૬/૧૫ રાતનાં ૯/૩૦ વાગ્યાના સુમારે સુભાષબ્રીજ પરથી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.વી.બલદાણીયા ચલાવે છે.

**(૨)** કાંતાબહેન નટવરભાઇ સોલંકી (ઉ.વ.૬૦)(રહે.સંતોષનગર સરસ્વતી સ્કુલ, ચાંદખેડા) એ પોતાની બીમારીથી કંટાળી જઇ તા.૧/૭/૧૫ નાં કલાક ૧૨/૪૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે ગાંધી આશ્રમ પાછળ, સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની પો.સ.ઇ.શ્રી ડી.વી.બલદાણીયા તપાસ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)